OCR
Oxford Cambridge and RSA

# Friday 15 May 2015 – Afternoon

## GCSE GUJARATI

**A813/01** Reading

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
None

**Other materials required:**
None

**Duration:** 1 hour

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Answer **all** the questions.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **50**.
- You do not have to write in full sentences and your answers will not be marked for the accuracy of the language.
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2015 [D/501/5463]
DC (NF/SG) 104943/3
OCR is an exempt Charity

**Exercise 1: Questions 1 to 5**

**Leisure activities in the local area**

Read the sentences and look at the pictures.

| | |
|---|---|
| **A** | હેમાને પુસ્તકાલયમાં વાંચવું ગમે. |
| **B** | નીના પ્રભાતે બાગમાં ચાલે. |
| **C** | ~~કિશન રવિવારે સિનેમામાં જાય.~~ |
| **D** | મેહૂલને તેના ઘરની પાસે જ બસ મળે. |
| **E** | કાજલ તરણહોજમાં તરવા જાય. |
| **F** | છાયા રેસ્ટોરાંમાં જન્મદિવસ ઊજવે. |
| **G** | હુસેન ખરીદીકેન્દ્રમાં કપડાં ખરીદે. |

Write the correct letter in the box.

**Example:**



C

**1**



[ ] **[1]**

© OCR 2015

2



[1]

3



[1]

4



[1]

5



[1]

**[Total: 5 marks]**

© OCR 2015

**Exercise 2: Questions 6 to 12**

**My new home and how the housework is shared**

Read Sharifa's blog entry.

નમસ્તે.

મારું નવું ઘર નાના ગામમાં છે અને તે બે માળનું છે.

બેઠકખંડમાં સુંવાળી જાજમ અને રૂપેરી સોફા છે.

ભોજનખંડના મેજ પર આઠ જણ સાથે જમી શકે.

મારા સૂવાના ઓરડામાં મારો કબાટ અને પલંગ છે.

ઘરને ફરતે બગીચામાં સફરજનના ઝાડ છે.

મારા પિતાજી અને ભાઈ બાગકામ કરે.

મારાં માતાજી રસોઈ બનાવે અને હું ઘર સાફ કરું.

Tick the correct box.

**Example:**

The house is in …


A ☐


B ✓


C ☐

**6** The sitting room has …


A ☐


B ☐


C ☐

**[1]**

**7** The dining room has …


A ☐


B ☐


C ☐

**[1]**

© OCR 2015

**8** Sharifa's bedroom has …


**A**


**B**


**C**

**[1]**

**9** The trees in the garden grow …


**A**


**B**


**C**

**[1]**

**10** Her father and brother …


**A**


**B**


**C**

**[1]**

**11** Her mother …


**A**


**B**


**C**

**[1]**

**12** Sharifa …


**A**


**B**


**C**

**[1]**

**[Total: 7 marks]**

© OCR 2015

**Exercise 3: Questions 13 to 18**

**Healthy eating**

Read the statements and look at the pictures.

હીના: હું સવારે દૂધ પીઉં એટલે મારાં હાડકાં મજબૂત બને.

કિશન: હું નિશાળમાં મધ્યાનના ભોજન વખતે સેન્ડવિચ સાથે કેરી, કેળાં જેવાં ફળો ખાઉં.

નીના: સાંજે દાળભાત સાથે હું લેટસ, ગાજર, ડુંગળી અને ટામેટાનું કચુંબર ખાઉં.

મેહૂલ: હું રોજ મારાં માતાએ તાજો જ કાઢેલો મોસંબીનો રસ પ્યાલો ભરીને લઉં.

કાજલ: હું પાણીની બાટલી બગલથેલીમાં જ રાખું. વર્ગમાં જ્યારે તરસ લાગે ત્યારે એ પીઉં.

હુસેન: મને જોઈતા પ્રોટિન માટે હું રોજ સવારના નાસ્તામાં બાફેલું ઈંડું ખાઉં.

છાયા: ભૂખ લાગે ત્યારે હું બદામ, ખજૂર જેવો સૂકો મેવો ખાઉં. મને ઘણાં પજીવકો મળે.

© OCR 2015

What do the young people eat or drink?


A


B


C


D


E


F


G


H

Write the correct letter in the box.

**Example:**

Heema **C**

**13** Kishan ☐ **[1]**

**14** Neena ☐ **[1]**

**15** Mehool ☐ **[1]**

**16** Kajal ☐ **[1]**

**17** Husein ☐ **[1]**

**18** Chhaya ☐ **[1]**

**[Total: 6 marks]**

© OCR 2015

**Exercise 4: Questions 19 to 24**

## Future jobs for students

Who wants to do what?

Read some friends' thoughts about the future.

| | |
|---|---|
| **A** | ગોપાલ કોઈ બેંક અથવા નાણાકીય પેઢીમાં હિસાબનીશ તરીકે કામ કરીને ખૂબ પૈસા કમાશે. |
| **B** | સબીનાને આદર્શ શિક્ષક બનવું છે. તેને બાળકોમાં સંસ્કૃતિ જાળવી રાખવા ખૂબ મહેનત કરવી છે. |
| **C** | હરેન ટપાલી બનીને ટપાલ પહોંચાડવા બહાર ફરશે તે તેને ગમશે. |
| **D** | દિયા માને છે કે ડોક્ટર બનીને તે લોકોનાં દુખ-દર્દ ઓછાં કરી શકશે. |
| **E** | જયકિશનને મનમોહક રાચરચીલું બનાવવું ગમે. તેથી તે સુથાર બનવાની તાલીમ લે છે. |
| **F** | પ્રિયા હવાઈ જહાજમાં પરિચારીકા બનશે. દુનિયાના દેશો જોવાની તેની મહત્વાકાંક્ષા પૂરી થશે. |
| **G** | ~~જાનવી કપડાંની દુકાનમાં કામ કરીને તાલીમ મેળવે છે. પછી તે કપડાં ઓન-લાઈન વેચશે.~~ |
| **H** | કબીર રસાયણશાસ્ત્રી બનશે અને ભવિષ્યમાં તે તેના પિતાજીનો ધીકતો ધંધો સંભાળશે. |

© OCR 2015

Write the correct letter in the boxes.

| **Example:** | |
|---|---|
| use the internet for business … | G |

| | | | |
|---|---|---|---|
| **19** | visit a lot of countries … | | **[1]** |
| **20** | work very hard … | | **[1]** |
| **21** | reduce people's pain … | | **[1]** |
| **22** | become a rich person … | | **[1]** |
| **23** | look after his/her father's business … | | **[1]** |
| **24** | work outdoors … | | **[1]** |

**[Total: 6 marks]**

© OCR 2015

**Exercise 5: Questions 25 to 31**

**A special cultural celebration**

Read Aarti's letter inviting Surbhi to Leicester.

પ્રિય સુરભી,

તારા કુટુંબ સંગાથે  રજાઓ ગાળવા તેં મને આમંત્રણ મોકલ્યું છે તે માટે ઘણો આભાર.  પણ ઓગસ્ટમાં મારા ભત્રીજા હીરના વાળ  ઉતરાવવાનો ઉત્સવ છે એટલે હું નહિ આવી શકું. તેને બદલે તું આ પ્રસંગ પર મારે ઘેર આવીશ તો મને ખૂબ ગમશે.

ત્યારે હીર દોઢ વર્ષનો થશે અને પહેલી જ વખત તેના માથાના સઘળા વાળ ઉતારી લેવામાં આવશે. અમે લગભગ ત્રણસો સગાં અને પાડોશીઓને ઉજવણીમાં બોલાવીશું. વાણંદ હીરના વાળ ઉતારશે અને મારી બહેન તે વાળને પોતાના હાથમાં પકડી લેશે. હીર રડે નહિ એટલે હું તેને તેની મનગમતી ચોકલેટો આપીશ. પછી સંબંધીઓ હીરને વધાવીને તેને ભેટ આપશે.

હીર નાહી લેશે ત્યાર પછી જમવાનું શરૂ થશે. મહેમાનો ચા પીને ઘેર જશે પછી હીર તેની ભેટો ખોલશે.

ઘણા લોકો આ ઉત્સવ ઊજવતા નથી, પણ હું માનું છું કે ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા આ ઉત્સવ ઊજવીએ તે મહ્ત્વનું  છે.

આશા રાખું છું કે તું આ ઉત્સવમાં અવશ્ય આવીશ.

લિ. આરતી

© OCR 2015

Write short answers **IN ENGLISH**.

> **Example:**
>
> What is Aarti not able to do because of the celebration?
>
> visit her friend .

**25** How old will Heer be on the day of the celebration?

........................................................................... . **[1]**

**26** In addition to Surbhi and relatives, who is invited to the celebration?

........................................................................... . **[1]**

**27** What will Aarti's sister's duty be?

........................................................................... . **[1]**

**28** How will Aarti help Heer feel happy?

........................................................................... . **[1]**

**29** When will lunch be served?

........................................................................... . **[1]**

**30** What exciting activity will take place for Heer after the guests leave?

........................................................................... . **[1]**

**31** Why does Aarti think it is important to celebrate this event?

........................................................................... . **[1]**

**[Total: 7 marks]**

© OCR 2015

**Exercise 6: Questions 32 to 37**

**Sporting activities on holiday**

Read Priya's email to Anuj in Jamnagar.

અનુજ,

હું એક ગજબના સાહસિક પ્રવાસ પર જઈ આવી. પહેલી જ વખત આવા પ્રવાસ પર ગઈ હતી એટલે મને ખૂબ થાક લાગ્યો પણ મેં સાચે જ મજા પણ કરી. આ પ્રવાસમાં ઘણા જોખમો હોય છે એટલે એક માસના પ્રવાસમાં પહેલે દિવસે અમે ફરજિયાત તાલીમ લીધી. મેં પહાડ ચડવાની અને પૂરજોશથી વહેતા પાણીમાં હોડી હંકારવાની તાલીમ લીધી કારણ કે તે મને ખૂબ અઘરું લાગતું હતું. જો કે પ્રવાસમાં મારું શરીર જોરાવર બન્યું, પણ સૌથી સારી વાત તો એ હતી કે આ પ્રવાસમાં મેં ઘણા નવા મિત્રો બનાવ્યા.

તેં રજાઓમાં શું કર્યું તે જણાવજે.

લિ. પ્રિયા

Read Anuj's reply to Priya's email.

પ્રિયા,

તું જાણે છે કે અહીં જામનગરમાં કિશોર-કિશોરીઓ માટે છુટ્ટીઓમાં રમતગમત કરવાની સગવડો ઓછી છે. એક શેઠે નગરના પાદરમાં આવેલી તેમની જગ્યામાં કિશોર-કિશોરીઓ માટે રજાઓમાં રમતગમતના કાર્યક્રમો રાખવા અમારા શિક્ષકોને કહ્યું અને પૈસાની મદદ પણ કરી. શિક્ષકોએ જગાને સમતળ કરાવી અને ખેલકૂદનાં સાધનો વસાવ્યાં. દરરોજ રમતગમતની તાલીમ અને હરીફાઈઓ યોજવામાં આવતી. ઘણાં કિશોર-કિશોરીઓ આનંદથી એમાં ભાગ લેતાં અને શહેરના લોકો ઉત્સાહથી તેમને જોતા. આ જોઈને શેઠે તેમની જગા રમતગમત માટે દાનમાં આપી દીધી.

લિ. અનુજ

© OCR 2015

Tick the correct box.

**Example**

What type of holiday did Priya go on?

| | | |
|---|---|---|
| **A** | safari | ☐ |
| **B** | skiing | ☐ |
| **C** | adventure | ✓ |

**Priya's email**

**32** Why was the training necessary?

| | | |
|---|---|---|
| **A** | to learn to avoid dangers | ☐ |
| **B** | to compete with others | ☐ |
| **C** | to avoid tiredness | ☐ |

**[1]**

**33** Which sport did Priya train in?

| | | |
|---|---|---|
| **A** | swimming | ☐ |
| **B** | climbing | ☐ |
| **C** | hiking | ☐ |

**[1]**

**34** What was the best thing for Priya about this holiday?

| | | |
|---|---|---|
| **A** | she made new friends | ☐ |
| **B** | she got stronger | ☐ |
| **C** | she learnt new things | ☐ |

**[1]**

**Anuj's reply**

**35** In addition to offering his land, what did the landlord do?

| | | |
|---|---|---|
| **A** | flattened the land himself | ☐ |
| **B** | organised teachers' games | ☐ |
| **C** | gave financial help | ☐ |

**[1]**

© OCR 2015

**36** What was organised every day of the week?

**A** sports training ☐

**B** interschool competitions ☐

**C** outings ☐ **[1]**

**37** Why did the landlord donate his land for sports?

**A** this land could not be farmed ☐

**B** he had too much land ☐

**C** many people enjoyed sports ☐ **[1]**

**[Total: 6 marks]**

© OCR 2015

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

Turn over for next question

© OCR 2015

**Exercise 7: Questions 38 to 43**

**An Indian singing programme**

Read the magazine article written by Nirav.

રાજકોટમાં રહેતા મારા કાકાએ મારા પિતાજીને કહી રાખ્યું હતું કે 'ભારત સંગીત સિતારે' કાર્યક્રમમાં મારી બહેન અને મને જરૂર લઈ જવાં કારણ કે આ કાર્યક્રમ ખાસ અમારા જેવડાં કિશોર – કિશોરીઓ માટે હતો. હું માનતો હતો કે આ કાર્યક્રમમાં ફક્ત આધુનિક ગીતો જ હશે, એટલે મને એમાં જવાનો રસ ન હતો. પણ પિતાજી મને જબરદસ્તીથી લઈ ગયા.

જે સભાખંડમાં કાર્યક્રમ રાખ્યો હતો તેમાં પ્રવેશતાં જ ખંડની મનમોહક સજાવટ જોઈ હું છક થઈ ગયો. ખંડમાં આછું આછું અજવાળું હતું અને છત પર તારલિયા ચમકતાં હતાં. આને કારણે ખંડનું વાતાવરણ આકર્ષક લાગતું હતું. સૌથી આગળ એક વિશાળ કાષ્ટનો મંચ હતો તેના પર કલાકારો પોતપોતાના સાજ-સામાન સાથે ગોઠવાઈ ગયા હતા. મંચની આગળ એક મોટી ખુલ્લી જગ્યા હતી જેને વિજળીની પચરંગી બત્તીઓ અને પુષ્પોથી શણગારી હતી.

કાર્યક્રમ શરૂ થયો અને એક પછી એક કલાકારોનાં જૂથ મંચ પર આવતાં ગયાં. દરેકનાં ગીત – સંગીત મનોરમ્ય હતાં અને પ્રેક્ષકોનાં પગ સંગીત સાથે તાલ આપવા લાગ્યા. થોડી વારમાં તો મંચની આગળની ખુલ્લી જગ્યામાં અનેક લોકો નૃત્ય કરવા લાગ્યા. પિતાજીને લાગ્યું કે જૂનાં ગીતો થોડા વધારે હોત તો તેમને મજા પડી ગઈ હોત. બીજે દિવસે અમારાં માતા અમારા થાકેલા પગને માલિશ કરી દેશે એમ વિચારી બહેન અને હું લગભગ રાત્રિના બે વાગ્યા સુધી નાચ્યાં.

Read the questions and write short answers **IN ENGLISH**.

**Example:**

How did Nirav's father find out about the programme?

from Nirav's uncle

**38** Which group of people was the programme meant for?

................................................................................................................ **[1]**

**39** Why was Nirav not interested in going to the programme?

................................................................................................................ **[1]**

© OCR 2015

**40** Why did the hall atmosphere look attractive? Give **two** details.

**(i)** ........................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................ **[1]**

**41** How was the audience first affected by the music?

........................................................................................................................ **[1]**

**42** What could have made Nirav's father enjoy the programme more?

........................................................................................................................ **[1]**

**43** Why did Nirav and his sister dance until late despite having tired feet?

........................................................................................................................ **[1]**

**[Total: 7 marks]**

© OCR 2015

**Exercise 8: Questions 44–49**

**Environment, culture and social issues**

Read the views of these young people.

| | |
|---|---|
| શબ્બિર | હું માનું છું કે આપણે પ્રયત્ન કરીએ તો જરૂર કુદરત માટે કંઈક કરી શકીએ. મહદ્ અંશે તો લોકો વાતો જ કરતા હોય છે. આપણે જેટલી હવાઈ મુસાફરી ઓછી કરીશું તેટલું પ્રદૂષણ ઓછું થશે, પણ લોકોને કહીએ કે તમે રજાઓ માણવા વર્ષમાં ત્રણ હવાઈ મુસાફરીને બદલે એક જ કરો તો તેમને કઠશે.<br>તે ઉપરાંત થોડીક જ વાર પહેરેલાં કપડાં ધોવા માટે ન કાઢીએ તો પાણી, સાબુ, સમય એ બધું બચી જાય. ફાયદો આપણને જ છે – ટૂંકા અને લાંબા ગાળાનો. |
| કાજલ | સંસ્કૃતિ સૌને માટે અંગત બાબત છે પણ હું માનું છું કે તેની સાચી સમજ આપણા અને અન્યના રીતરિવાજ સમજવામાં આપણે માટે સરળતા કરે છે. આને પરિણામે સૌ એકબીજાને માન આપતા થાય છે. જો કે સંસ્કૃતિના મૂળ શોધવાનું સરળ નથી. આપણાં માતા-પિતાને લોકવાયકામાં ચાલી આવતા રીતરિવાજ વિશે જ ખબર હોય છે પણ થોડીક જ. અત્યારે ઇન્ટરનેટમાંથી ઘણી માહિતી મેળવી શકાય છે પણ એ બધી હંમેશાં સાચી હોય તેમ ન કહી શકાય. |
| શમા | મોટાં ભાગનાં ઘરોમાં સંતાનોને ભણવા માટે સમાન તકો મળતી હોય છે. મારો ભાઈ સિવિલ ઈજનેર બન્યો છે તેથી તેને ઘણી વાર વરસાદ કે બરફમાં કામ કરવું પડે છે. પણ તેનું શરીર મજબૂત છે. મને તો તરત જ શરદી થઈ જાય. એટલા માટે હું તો સોફ્ટવેર ઈજનેર બનીશ અને ઑફિસની અંદર બેસીને કામ કરીશ. મને એમાં કોઈ મુશ્કેલી લાગતી નથી.<br>બીજી વાત એ કે આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ અને આપણે જીવનમાં કેટલીયે નવી રીતો અપનાવી છે તેમ છતાં દરેક ધર્મ પ્રત્યે આપણું વર્તન ભેદભાવ વગરનું છે એમ આપણે કહી શકીએ નહિ. |

© OCR 2015

Complete each sentence with a word or phrase **IN GUJARATI**.

**Example:**

શબ્બિર લખે છે કે ફક્ત વાતો કરવા કરતાં ......મહેનત...... કરીશું તો કુદરતને સાચવી શકીશું.

44 શબ્બિરની સલાહ છે કે રજાઓ પર જવા માટે હવાઈ જહાજ ન ................................ તો હવામાં ગંદકી ઓછી થાય. **[1]**

45 શબ્બિર એમ પણ માને છે કે થોડોક જ સમય પહેરેલાં કપડાં ધોવા કાઢવાની આપણી ............................ બદલીએ તો આપણને ઘણા લાભ થાય. **[1]**

46 કાજલ માને છે કે જે લોકોને જુદી જુદી સંસ્કૃતિની સમજ છે તેઓ બીજા લોકોના વ્યવહારને ................................સમજી શકે છે. **[1]**

47 કાજલ એમ પણ માને છે કે સંસ્કૃતિનાં મૂળ જાણવા માટે હંમેશાં ઇન્ટરનેટનો ................................ ના કરી શકાય. **[1]**

48 શમાના કહેવા પ્રમાણે તે તેના ભાઈના જેવી પરિસ્થિતિમાં કામ કરે તો તેને .......................... લાગી જાય. **[1]**

49 શમા એમ પણ માને છે કે અત્યારના લોકો પોતાને આધુનિક માને છે તેમ છતાં તેઓ બીજાના ધર્મનું .................................. કરતા નથી. **[1]**

**[Total: 6 marks]**

**END OF QUESTION PAPER**

© OCR 2015

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

OCR
Oxford Cambridge and RSA

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2015